**જન્મદિને વધામણી**



ધૃવાંશીબા વિરેન્દ્રસિંહ વાળા
મો. ૯૪૦૮૬ ૮૫૨૧૨

**ડાયરેક્ટ ❤ સે**

રેસમાં જીતેલા ઘોડાને
ખબર નથી હોતી
કે જીત શું છે.
એ તો
પોતાના માલિક તરફથી
અપાતી તકલીફને કારણે
દોડ્યો હોય છે.
બસ એમ જ
જ્યારે તમને પણ
તકલીફ પડે
ત્યારે માનજો
કે 'માલિક'
તમને જીતાડવા માગે છે.

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પૅસેન્જર્સ (અંગ્રેજી, ૩ડી)
૫.૦૦, ૧૦.૦૦
પૅસેન્જર્સ (હિન્દી, ૩ડી)
૨.૦૦, ૭.૪૫

**સ્ક્રીન-૪**
તી સંધ્યા કાય કરતે (મરાઠી)
૭.૦૦
કૂખ (ગુજરાતી)
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
સવારે ૧૦.૦૦
ફ્રેન્ડ રિક્વેસ્ટ (હિન્દી)
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

# કલા મનુષ્ય જીવનને દિશા આપનારી ખૂબ મોટી શક્તિ છે





## સંસ્કાર ભારતી, ગુજરાત પ્રદેશની રજતજયંતિ નિમિત્તે સંસ્કારોત્સવ કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના આંગણે કરાયું

ગાંધીનગર, તા. ૮

કલા અને સાહિત્યની અખિલ ભારતી સંસ્થા સંસ્કાર ભારતી, ગુજરાત પ્રદેશ દ્વારા સંસ્થાની રજતજયંતિ નિમિત્તો સંસ્કારોત્સવ કાર્યક્રમનું આયોજન ગાંધીનગરની મેડિકલ કોલેજના હોલમાં કરવામાં આવ્યું હતું. સંસ્કારોત્સવ કાર્યક્રમને રાજયપાલ ઓ. પી. કોહલીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સમારંભમાં ગુજરાતના નાટક, ગીત-સંગીત, સાહિત્ય જેવા ક્ષેત્રોમાં ઉમદા યોગદાન આપનાર નામી-અનામી કલાકારોનું સંસ્કાર પુરસ્કાર એનાયત કરીને રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરના ગરવા કલાકાર ભીખુદાન ગઢવી પણ સામેલ હતાં.

રાજયપાલ ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે, કલાનું મહત્વ જીવનમાં અમૂલ્ય છે. કયારેક આપણે કલાને મનને આનંદિત કરવાનું માઘ્યમ માનતા હોઈએ છીએ, પણ કલાએ જીવનને ઉચ્ચ ગુણોનું સંચિન કરવામાં અને સંસ્કારિત બનાવવાનું કામ કરે છે. કલા ઈર્ષા ભાવના, રોષ ભાવના જેવી વાતોથી મનને મુક્તિ આપે છે. મનુષ્યના જીવનમાં મનુષ્યતત્વનો વિકાસ કરવામાં યોગદાન આપે છે. કલા મનોરંજનનું સાઘન નથી પણ લોકમંગલની સાધના છે. આપણામાં શ્રેષ્ઠ ભાવનાનો વિકાસ કરવા અને માનવનું મન સાત્વિક બનાવવામાં કલાનું યોગદાન મોટું છે.

કલા મનુષ્ય જીવનને દિશા આપનારી ખૂબ મોટી શક્તિ છે, તેવું જણાવી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, સાચા ભારતને લોકકલા, લોકકથા, લોકનાટક, લોકગીતમાં શોધી શકાય છે. સંસ્કાર ભારતી સંસ્થા કલાના માઘ્યમથી રાષ્ટ્રીય ભાવના અને સાંસ્કૃતિ ગૌરવને વધારવાનું ઉમદા કામ કરી રહી છે, તે ઘણી પ્રસંશનીય છે.

આ પ્રસંગે ગુજરાત રાજયના અલગ-અલગ ક્ષેત્રના ૨૫ કલાકારોનું રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્કાર ભારતી, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી ડૉ. રાજુભાઈ પરમારની આત્મકથા ' ગમતાનો ગુલાલ ' પુસ્તકનું વિમોચન પણ રાજયપાલશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સંસ્કાર ભારતી, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી ડૉ. રાજુભાઈ પરમારે કર્યું હતું.

આ સમારંભમાં આર.એસ.એસના પશ્ચિમ ક્ષેત્રેના સંચાલક શ્રી જયંતિભાઈ ભળેસિયા, અખિલ ભારતીય સંસ્થાના સંગઠન મંત્રી ગણેશ પતરોળે, ગુજરાત રાજય સંગીત, નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી સહિત મોટી સંખ્યામાં કલાચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં.



યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે સવારે મૅડિકલ કૅમ્પનું આયોજન સૅક્ટર-૬ ખાતે કરવામાં આવ્યું હતું. ઓર્થોપેડિક, ફિઝીયોથેરાપી, આયુર્વેદિક, ડેન્સીટ્સ્ટ્રીનાં તબીબોએ આ કૅમ્પ અંતર્ગત પોતાની સેવાઓ આપી હતી. મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી આ મૅડિકલ કૅમ્પનો લાભ લીધો હતો. મહાનગરપાલિકા વૉર્ડ નં. ૭નાં નગરસેવક હિરલ જોષી, જયરાજસિંહ, રાકેશ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા ઍડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા, ગુંજ ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મૅડિકલ કૅમ્પને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ અને સૅક્ટર-૬ સ્થિત મીરાં ભજન મંડળનાં બહેનોએ ભારે જહેમત ઊઠાવી હતી.

# ગાંધીનગરના આંગણે મદમસ્ત કલા ઉત્સવ





ગાંધીનગર, તા. ૮

શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠલ જીસીઈઆરટી, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા જિલ્લાકક્ષાએ યોજાયેલ કલા ઉત્સવમાં વાદન કલામાં વિજેતા થયેલા ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક, પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષાનો વાદન કલા માર્ગદર્શન કાર્યશિબિર ગાંધીનગર શહેરમાં ચાલી રહ્યો છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે તા. ૬ જાન્યુઆરીથી આ શિબિરનો આરંભ થયો છે, શિબિર તા. ૯ સુધી કાયમ રહેશે. ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૨૪૬ જેટલા વાલીઓ, શિક્ષકો આ કાર્યશિબિરમાં પોતાની ભાગીદારી નોંધાવી રહ્યા છે.

આ કાર્યશિબિરના શુભારંભ સમારંભમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, વાદન કલાના આંતરરાષ્ટ્રીય તજ્જ્ઞ દિપેશભાઈ દેસાઈ, મુંજાલભાઈ મહેતા, યાસીનભાઈ ખાં, નાટ્યવિદ પ્રકાશભાઈ લાલા તથા જીસીઈઆરટીના નિયામક ટી ઍસ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ વી પટેલ દ્વારા બાળ કલાકારો અને તેમની સાથે ઉપસ્થિત ગુરુજનો, વાલીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓને કલાક્ષેત્રમાં પ્રગતિ માટે આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. ગાંધીનગર શહેરમાં કલા તથા સંસ્કૃતિની જયોતને પ્રજ્વલિત રાખનાર ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હાએ આ કાર્યશિબિરના આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. કલા દ્વારા જ માણસ ખરા અર્થમાં માણસ બને છે એમ જણાવી તેમણે જીવનમાં કલાની જરૂરિયાતનો સ્વીકાર કરવાનું આહ્વાન વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોને કર્યું હતું. કલ્ચરલ ફોરમ તરફથી વાર્ષિક સ્નેહ ભોજન સમારોહમાં આ વિદ્યાર્થીઓને રવિવારે સાંજે ભોજન પણ પિરસવામાં આવ્યું હતું.

જીસીઈઆરટીના નિયામક ટી ઍસ જોષીએ પોતાની ભાવવાહી શૈલીમાં કલા ક્ષેત્રે ખૂબ આગળ વધી શિક્ષણમાં પણ કલાના માધ્યમ દ્વારા પ્રગતિ સાધવા તથા પોતાને રસ પડે તે કલાના ક્ષેત્રમાં આગળ વધવા વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તેવું ઉદ્બોધન કર્યું હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વ્યાખ્યાતા રાજેન્દ્રભાઈ રાવલ દ્વારા સૌની પ્રેરણાત્મક ઉપસ્થિતિ તથા બાળ કલાકારોની કલા પ્રત્યેની લાગણી બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# સમય જ મારો પ્રેરણા સ્ત્રોત હતો, છે ને રહેશે

**સંવેદના — મારી જીવન પ્રેરણા**

કડીના મોકાસણ ગામથી મારી જીવન પ્રેરણા શરૂ થાય છે. પાંચ વર્ષની ઉંમર. પ્રથમ પ્રેરણા આપનાર કેળવણીકાર પિતા શ્રી મફતલાલ. મને કહ્યું, અલ્યા રમેશ, ચડ્ડી પહેર્યા વગર રખડવાનું બંધ કરી પ્રાથમિક શાળાના પહેલા ધોરણમાં ભણવા જા. ૧૯૬૦માં પહેલવહેલો એકડો ઘૂંટાવનાર ગુરુ ગૌરીશંકર રાવલ મારા જીવનના બીજા પ્રેરણાસ્ત્રોત.

૧૯૭૨માં ધોરણ-૧૧ પાસ કરી આગળ અભ્યાસ કરવા માટે કયો પ્રવાહ પસંદ કરવો તે અંગેનું માર્ગદર્શન લેવા સાર્વજનિક હાઈસ્કૂલ, જાસલપુરના આચાર્ય મધુસૂદનભાઈ પટેલને મળ્યો. તેમણે સલાહ આપતાં કહ્યું કે મારા ગામ કહોડા, સિદ્ધપુર પાસે એક ખેતીનું જ્ઞાન ગાંધીવિચાર સાથે આપતી સંસ્થા સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ સમોડામાં છે, ત્યાં જા. જે મારા જીવનના બીજા પ્રેરણા સ્ત્રોત છે. બીજા જ દિવસે મારા મોટાભાઈ ડાહ્યાભાઈ પટેલ સાથે સમોડા, ગણવાડા પહોંચ્યો. ત્યારે પ્રવેશ માટે રૂબરૂ મુલાકાત ચાલતી હતી. અરજી પત્રક ભરી રૂબરૂ મુલાકાતે બેઠો. શિક્ષણવિદ રમેશભાઈ સંઘવી અને ગુરુ પંકજભાઈ ભટ્ટ પ્રશ્નો પૂછે, તમારે કૃષિમાં જવું છે કે લોક શિક્ષણમાં ? ત્યારે મને ખબર પડે નહીં. બહાર ઊભેલા વિદ્યાર્થીઓને પૂછી આવ્યો પછી કહ્યું, મારે કૃષિ-ગોપાલન અભ્યાસ કરવો છે, જેમાં પ્રવેશ મળ્યો એટલે મારા ચોથા પ્રેરણા સ્ત્રોત વિદ્યાર્થી ભાઈઓ રહ્યા છે.

૧૯૭૬માં કૃષિ સ્નાતક થયો. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગ્રામ વિદ્યા અનુસ્નાતક વિદ્યાભ્યાસમાં જોડાવવા માટેની મને પાંચમી પ્રેરણા આપનાર શ્રી એમ યુ કુકડીયા છે. ૧૯૭૮માં અનુસ્નાતક ઉપાધિ લીધા પછી ભારતીય પરિવાર નિયોજન મંડળ બનાસકાંઠા પ્રોજેક્ટ, નવા ડીસા ખાતે ફિલ્ડ ઓર્ગેનાઈઝરની જગ્યાએ નોકરી માટેની છઠ્ઠી પ્રેરણા આપનાર માલગઢ, ડીસાના શિક્ષક મણિભાઈ પટેલ છે. ૧૯૭૯માં પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરની જગ્યાએ બઢતી આપનાર ડૉ. વી ઍચ ઠાકોર મારા જીવનના સાતમા પ્રેરણા સ્ત્રોત છે.

૧૯૮૧માં સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડામાં અધ્યાપક તરીકે જોડાવા માટેની આઠમી પ્રેરણા આપનાર પટાવાળા પ્રકાશ જોષી અને ઊંઝાના ડૉ. મગનભાઈ પટેલ છે.

૧૯૮૫માં ગૂજરાત વિદ્યાપીઠ, સાદરામાં અધ્યાપક તરીકેની જાહેરાતની જામક રનાર કૃષિ વૈજ્ઞાનિક વંદનીય ગુરુ મંગળભાઈ પટેલ મારા નવમા પ્રેરણા સ્ત્રોત છે. માતા ગંગાબાએ સ્નાતક અને અનુસ્નાતકના કુલ ૬ વર્ષ છાત્રાલયમાં રહેવા માટેની નાણાંકીય સગવડ કરી આપી એવા ગંગાબા મારાં દસમા પ્રેરણા સ્ત્રોત છે. કુટુંબ વ્યવસ્થા સંભાળી દિનચર્યાને ક્રમબદ્ધ ગોઠવનાર જીવનસાથી એવાં મારાં ધર્મપત્ની કૈલાશ મારા જીવનનાં અગિયારમા પ્રેરણા સ્ત્રોત છે.

એકાદશ વ્રતના પાલક ને ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રેરણાથી કસાયો છું, કર્મઠ થયો છું, ખીલ્યો છું. મા ઉમિયા, મા ખોડિયાર, ગુરુ હરિ પ્રમુખસ્વામી મહારાજ, સરદાર પટેલનાં જીવન કવનોએ પણ ઘડાયો છું. તેઓ પણ મારી જીવન પ્રેરણાના પથદર્શકો છે.

**- પ્રા. રમેશભાઈ મ પટેલ**
**ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા**

મારી જીવન પ્રેરણા એટલે સમય, જેણે મને જન્મથી સાથ આપ્યો છે. પ્રથમ મારા પિતાજી જશવંતલાલ જે વાઘેલા અને માતુશ્રી કમળાબેન જે વાઘેલા મને પ્રાપ્ત થયાં. તેમણે મને ખૂબ જ ધીરજવાન, પ્રેમાળ, સાચું બોલનાર અને મુસીબતોનો સામનો કરનાર બનાવ્યો. કોઈપણ વ્યક્તિ કે જીવનું અહિત ન કરવાની શીખ તેમણે મને આપી છે.

પિતાજીની બૅન્કમાં નોકરી હોવાથી મધ્યપ્રદેશ, કટની, જબલપુર, ભોપાલ, આણંદ, વિદ્યાનગર વગેરે ધરતી પણ જોવા મળી. પ્રથમ હિન્દી શાળામાં અભ્યાસ શરૂ કર્યો, પછી ગુજરાતમાં આવતાં વિદ્યાનગરની આઈ બી પટેલ શાળામાં પ્રવેશ મેળવ્યો ને એ પછી અમદાવાદ તથા ગાંધીનગરની ધરતી પર મેં પગ મૂક્યો.

સમયે મને સારા ને ખોટા અનુભવો પણ કરાવ્યા. સમયે મને દીકરી, બહેન, ફોઈ, પત્ની, વહુ, ભાભી, દેરાણી, જેઠાણી, કાકી, મોટી બા સાથે માતા પણ બનાવી ને મને મારી દીકરી હેના પ્રાપ્ત થઈ.

સમયે મને સારા મિત્રો સાથે સારા ગુરુજનો પણ આપ્યા, જેમની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે.

સમય જ મારો પ્રેરણા સ્ત્રોત હતો, છે ને રહેશે.

**- અમિતા જે વાઘેલા**
**પેથાપુર**

સમાજધર્મની જડ માન્યતાઓથી વિપરીત છતાં સાદગીપૂર્ણ જીવનશૈલી મારી પ્રેરણા છે. હું ત્રણ હજારની વસતી ધરાવતા નાનકડા ગામમાં જન્મી, ઉછરી, જ્યાં સ્ત્રી શિક્ષણ નહિવત હતું અને છોકરાઓને જ મહત્ત્વ આપવામાં આવતું હતું. ત્યારે મારા માતાપિતાએ અમને ભાઈ-બહેનોને શિક્ષણ તથા ડ્રાઈવિંગની સમાન રીતે તાલીમ આપી એટલું જ નનહીં, પેટે પાટા બાંધીને પણ મને હૉસ્ટેલમાં રહી ભણવાની સુવિધા કરી આપી. અને એટલે જ હું ગામની એવી પ્રથમ વ્યક્તિ બનવાનું ગૌરવ મેળવી શકી, જે અધ્યાપક હતી.

લગ્ન પછી હું જે ઘરમાં આવી તે પણ સ્વર્ગ હતું. મારાં સાસુ જેમણે નાની ઉંમરમાં પતિ ગુમાવ્યા. સંઘર્ષ કરી ત્રણ બાળકોને જીવનની યોગ્ય દિશા બતાવી, છતાં સદાય હસતાં કોઈ ફરિયાદ નહીં. ખૂબ પ્રેમાળ, સમાન દૃષ્ટિ, હું વિશ્વાસથી કહી શકું છું કે તેણે દીકરી અને વહુ વચ્ચે એક ક્ષણ માટે પણ તફાવત કર્યો નથી. આવી ઉત્તમ વ્યક્તિ જ ઘરને સ્વર્ગ બનાવી શકે તથા જીવનની સાચી ફિલોસૉફી શીખવાડી શકે છે.

સફળ પુરુષ પાછળ સ્ત્રીનો હાથ હોય છે તેમ સ્ત્રીની સફળતામાં પણ પુરુષનો ઘણો મોટો ફાળો હોય જ છે, મારી સાથે એવું જ બન્યું છે. મારી સફળતામાં મારા પતિ કેતન ભટ્ટનો બહુ મોટો હાથ છે. એમનો હસતો ચહેરો અને મસ્તીખોર સ્વભાવ ન મને સતત જીવાડે છે, પરંતુ મારા જીવનને જીવંત પણ રાખે છે. તેઓ મારા જીવનની મોટી પ્રેરણા છે.

એવા જ મારાં નણંદ વિભૂતિબેન, જેમનો જીવનમંત્ર છે ઘરના સભ્યોને અનુકૂળ થઈને જીવવું. તેઓ મને પ્રેરણા આપે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કૅમ્પ અને સૅમિનારમાં મેં જે સિદ્ધિ મેળવી છે તેની પાછળ વિભૂતિબેનની મહેનત કારણભૂત છે.

ઉચળતા ઝરણા જેવી સતત હસતી, રમતી, મારી દીકરી લિપ્સી મને હંમેશાં ખુશ રહેવાની પ્રેરણા આપે છે. ઓશો જેમણે મને સૌથી વધારે પ્રેરણા આપી. આ જગતને, ધર્મને, સમાજને, સંબંધોને જોવાની એક વિધાયક દૃષ્ટિ આપી. મારી જાત સાથે મારી મુલાકાત કરાવી... સ્થિતપ્રજ્ઞતાની સ્થિતિ સુધી લાવી દેનાર... ઓશો મારા દિલની નજીક છે.

મને સતત કંઈક નવું શીખવાનો શોખ મારી માતા પાસેથી વારસામાં મળ્યો છે. હું મારા વિદ્યાર્થીઓ પાસેથી પણ સતત શીખતી રહું છું.

મારી પ્રેરણા એ પ્રત્યેક વ્યક્તિ છે જે આખો દિવસ તરોતાજા રહે છે, સતત ઊર્જાથી છલોછલ દેખાય છે, સંઘર્ષ કરીને ટોચના સ્થાને મુકામ બનાવે છે, જીવનના પડકારોને ઝીલીને ખુશીથી જીવન જીવે છે.

**- ડો. ભાગીરથી કેતન ભટ્ટ**
**એમ બી પટેલ રાષ્ટ્રભાષા કોલેજ,**
**એલિસબ્રિજ, અમદાવાદ**

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી જીવન પ્રેરણા'**